ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 9th August, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..................................................................., ભાવનગર.

**જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમીનારમાં ૯૯ વિધાર્થીએ સ્વચ્છ ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સંભવિત ભૂમિકા અને પડકારો વિષય પર આપ્યું પોતાનું મંતવ્ય.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા દર વર્ષે પ્રથમ જીલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગ રૂપે સ્વચ્છ ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સંભવિત ભૂમિકા અને પડકારો (Swachh Bharat: Role of S&T Promises & Challenges.) વિષયને આધારે જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૦૫-૦૮-૨૦૧૭, શનિવારના રોજ સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે કરવામાં આવેલ.

આ જીલ્લા કક્ષાના સાયન્સ સેમીનારના ઉદ્ઘાટન સમારોહમાં શ્રી હર્ષવર્ધન મોદી (ડેપ્યુટી કમિશ્નર, ભાવનગર મહાનગર પાલિકા), ડૉ. સી. બી. ત્રિપાઠી (ડીન, મેડીકલ કોલેજ, ભાવનાગર), શ્રી હિતેષભાઈ દવે (નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી, ભાવનગર), શ્રી નીલેશભાઈ રાવલ (ચેરમેન, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગર), ડૉ. હિતેશ શાહ (એસો. પ્રો. સીર પી પી સાયન્સ કોલેજ) ઉપસ્થિત રહીને વિધાર્થીઓને પ્રોત્સાહિત કાર્ય હતા.

જીલ્લા કક્ષાના સાયન્સ સેમીનારમાં સમગ્ર જીલ્લાની કુલ ૯૯ ઉચત્તર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી પ્રતિનિધિએ ભાગ લીધેલ. જેમાં પ્રથમ ક્રમાંકે આર્યમાન જાની – ધો. ૧૦ (નૈમીશ્યારણ્ય ઈંગ્લીશ સ્કુલ), દ્વિતીય ક્રમાંકે દોશી કેનીલ – ધો. ૧૦ ( કે.કે.જે.પી. હાઈ સ્કુલ, સોનગઢ) અને તૃતીય ક્રમાંકે ગાંધી રિયા ધો.૧૦ (ફાતિમા કોન્વેન્ટ હાઈ સ્કુલ) પસંદગી પામેલ. જીલ્લા કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ બે વિધાર્થીઓ તા.૩૦-૦૮-૨૦૧૭ના રોજ અમદાવાદ ખાતે યોજાનાર રાજ્ય કક્ષાના સાયન્સ સેમિનારમાં ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

સાયન્સ સેમીનાર – ૨૦૧૭માં વિધાર્થીઓ, શિક્ષકો અને અતિથીઓ કુલ મળીને ૨૧૬ લોકો હાજર રહ્યા હતા. જે બાબતો લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેનશ્રીની યાદી મુજબ જણાવેલ છે.

9-8-17

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.